રજા પ્રવાસ રાહત મંજુર કરવા બાબત.

ગુજરાત સરકાર,
નાણા વિભાગ,
ઠરાવ નંબરઃ મસભ–૧૦૯૭–૭૧૮–જ,
સચિવાલય, ગાંધીનગર,
૩જી સપ્ટેમ્બર, ૧૯૯૭.

વંચાણમાં લીધો :– નાણા વિભાગનો સરકારી ઠરાવ નંબરઃમસભ/૧૦૮૯/એમઆર–૮/જે, તા.૨૭/૭/૧૯૮૯.

**ઠરાવ**

આમુખમાં દર્શાવેલ તા.૨૭/૭/૮૯ના ઠરાવ અન્વયે તા.૧/૪/૧૯૮૯ કે ત્યારબાદ સરકારી સેવામાં દાખલ થતાં કર્મચારીઓને જો, બે કરતાં વધારે જીવિત બાળકો હશે, તો તેમને રજા પ્રવાસ રાહતનો લાભ મળવાપાત્ર થશે નહિ તેવું ઠરાવવામાં આવેલ છે. પરંતુ, આ ઠરાવનો અમલ પાછલી તારીખથી એટલે કે તા. ૧/૪/૮૯થી અમલમાં મુકવાને કારણે આ ઠરાવ રવાના કરવામાં આવ્યો તે પહેલાં જે કર્મચારીઓને રજા પ્રવાસ રાહતનો લાભ મળવાપાત્ર હતો તેઓને પણ રજા પ્રવાસ રાહતનો લાભ મળતો બંધ થઈ ગયો હતો.

આવી વિસંગતતા દુર કરવાની બાબત સરકારની વિચારણા હેઠળ હતી. કાળજીપૂર્વકની વિચારણાને અંતે સરકાર ઠરાવે છે કે આમુખમાં દર્શાવેલ તા.૨૭/૭/૧૯૮૯ના ઠરાવનો અમલ તા. ૧/૪/૧૯૮૯ના બદલે તારીખ ૨૭/૭/૧૯૮૯થી કરવાનો રહેશે. અર્થાત્ તા. ૨૭/૭/૧૯૮૯ના રોજ અને ત્યારબાદ સરકારી સેવામાં દાખલ થયેલા કર્મચારીને જો, બે કરતાં વધારે જીવિત બાળકો હશે તો તેમને રજા પ્રવાસ રાહતનો લાભ મળવાપાત્ર થશે નહિ.

તા. ૨૭/૭/૧૯૮૯ના ઠરાવને કારણે અસર પામેલા કર્મચારીઓના રજા પ્રવાસ રાહતના દાવાઓનો નિકાલ આ હુકમોની જોગવાઈ મુજબ કરવાનો રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એલ. ટી. જોશી,
ઉપ સચિવ,
નાણા વિભાગ.

પ્રતિ,

* રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, ગાંધીનગર.
માન. મંત્રીશ્રીઓ નાયબ મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, ગાંધીનગર.
માન. વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
* સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત મુલ્કીસેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
* રજિસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
સચિવાલયના બધા વિભાગો.
એકાઉન્ટન્ટ જનરલશ્રી, ઓડીટ, ગુજરાત, અમદાવાદ/રાજકોટ.
એકાઉન્ટન્ટ જનરલશ્રી ગુજરાત, (એ. એન્ડ ઈ.)અમદાવાદ/રાજકોટ
સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ/કલેકટરશ્રીઓ/ખાતાના વડાઓ/કચેરીના વડાઓ.
નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ/સર્વે જિલ્લા સહાયક નિરીક્ષક.
પગાર અને હિસાબી અધિકારી, અમદાવાદ/ગાંધીનગર.
પગાર અને હિસાબી અધિકારી, નર્મદા વડોદરા/ગાંધીનગર.
સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ/પેટા તિજોરી અધિકારીશ્રીઓ.
નિવાસી તપાસણી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
તમામ બોર્ડ/કોર્પોરેશન/યુનિવર્સિટીઓ.
નાણા વિભાગના સર્વે અધિકારીશ્રીઓ /સર્વે શાખાઓ
સર્વે માન્ય મંડળો
પસંદગી ફાઈલ, જ શાખા.